# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1) ભારતીય ધ્વજ ધરાવતા બે જહાજો હોર્મુઝ સ્ટેટમાંથી પસાર થઈને 92 હજાર 700 મેટ્રિક ટન LPG સાથે 16 અને 17 માર્ચે મુન્દ્રા અને કંડલા બંદરે પહોંચશે

2) નર્મદા પરિક્રમાવાસીઓ માટે આઠ સ્થળોએ વિશ્રામની સુવિધાની જાહેરાત સાથે ભરૂચને એક હજાર ત્રણસો પચાસ કરોડના વિકાસ કાર્યોની ભેટ

3) રાજ્યના ૫૦૦ ગામોની પસંદગી કરીને તેને 'પ્રાકૃતિક કૃષિ ગ્રામ' તરીકે વિકસાવવા અને આઠ લાખ સેક્સ્ડ સીમેન ડોઝનું ઉત્પાદન કરવાની બજેટમાં વિશેષ જોગવાઇ

4) ધોલેરા ખાતે ગુજરાતના પ્રથમ સાઉન્ડિંગ રોકેટ સફળ પ્રક્ષેપણ સાથે અવકાશ ક્ષેત્રે ગુજરાતની ગગનચુંબી ઉડાન

5) નવી દિલ્હી ખાતે MRO Xpo India 2026માં ગુજરાતને ‘વિમાન જાળવણી માટે શ્રેષ્ઠ રાજ્યનો પુરસ્કાર એનાયત

6) રાજ્યમાં તાપમાનનો પારો ગગડે તેવી આગાહીથી રાહત

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# LPG-PNG SUPPLY IN THE STATE

ભારતીય ધ્વજ ધરાવતા બે જહાજો, શિવાલિક અને નંદા દેવી, આજે વહેલી સવારે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ આજે સાંજે દિલ્હીમાં આંતર-મંત્રાલય પત્રકાર પરિષદને સંબોધતા આ વાત કહી. તેમણે કહ્યું કે આ જહાજો 92 હજાર 700 મેટ્રિક ટન LPG લઈ જઈ રહ્યા છે. શ્રી સિંહાએ જણાવ્યું કે આ જહાજો 16 અને 17 માર્ચે મુન્દ્રા અને કંડલા બંદરો પર પહોંચશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે કોઈપણ રિટેલ આઉટલેટ અથવા LPG વિતરક પર LPG ની કોઈ અછત નથી, અને ડીઝલ અને પેટ્રોલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

દરમિયાન રાજ્યમાં ગેસ પુરવઠો સતત જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ગેસ તથા ઓઇલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા સંકલિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકારએ તમામ ગ્રાહકો માટે સતત અને વિશ્વસનીય ગેસ પુરવઠો સતત જાળવવા માટે મોનિટરીંગ વ્યવસ્થા શરૂ કરી છે.

ગઈ કાલે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યમાં ગેસ પુરવઠાની પ્રવર્તમાન પરિસ્થિતીની ઉચ્ચસ્તરિય સમિક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ગેસ પુરવઠાની હાલની સ્થિતિ, વૈશ્વિક પરિસ્થિતિના પડકારો તેમજ આવનારા દિવસોમાં પુરવઠાની સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સરકારે તમામ જીલ્લા કલેક્ટરો તથા જિલ્લા પોલીસ અધિક્ષકઓને LPG વિતરણ એજન્સીઓ સાથે રહીને વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

# CM BHARUCH LOKARPAN

રાજ્યના મુખ્યમંત્રી  ભુપેન્દ્ર પટેલના આજે ભરૂચમાં રૂપિયા એક હજાર 350 કરોડ રૂપિયાના  રૂ 139 જેટલા પ્રકલ્પોનું ઇ ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કર્યું.  ઝાડેશ્વર સ્થિત સ્વામિનારાયણ મંદિર સંકુલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને કુલ 139 વિકાસ કાર્યોનું ઇ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

નર્મદા પરિક્રમાવાસીઓની સુવિધા માટે જિલ્લામાં 8 સ્થળોએ વિશ્રામ હોલનું નિર્માણ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

(BYTE : CM BHUPENDRA PATEL)

# BUDGET PC

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ૫૦૦ ગામોની પસંદગી કરીને તેને 'પ્રાકૃતિક કૃષિ ગ્રામ' તરીકે વિકસાવવામાં આવશે તેમ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આજે કૃષિ વિભાગની બજેટની જોગવાઇઓની માહિતી આપતી પત્રકાર પરિષદમાં કહ્યું હતું..

(BYTE : JITU VAGHANI, KRUSHI MANTRI)

ઉચ્ચ અધિકારીઓ દ્વારા પોતપોતાના વિભાગની માહિતી આપવામાં આવી હતી.કૃષિ વિભાગના અગ્ર સચિવ આર સી મીણાએ વિગતો આપતા જણાવ્યુ હતું કે એગ્રો બિઝનેશ પોલીસીને પણ મહત્વ અપાયુ છે. .. સાણંદમાં એગ્રો બિઝનેશ એડ ઇનોવેશન હબ તૈયાર કરવા માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે.

(બાઇટ – આર સી મીણા, અગ્ર સચિવ , કૃષિ વિભાગ)

પશુપાલન અને કૃષિને સંલગ્ન વિભાગોની માહિતી આપતા અધિક મુખ્ય સચિવ અરૂણકુમાર સોલંકીએ કહ્યુ હતુંકે આગામી સમયમાં ૮ લાખ સેક્સ્ડ સીમેન ડોઝનું ઉત્પાદન કરાશે

સહકાર અને પશુપાલન ક્ષેત્રના વિકાસ માટે પણ વિવિધ જોગવાઇઓની જાણકારી પણ આપવામા આવી હતી.

શ્રમ અને રોજગાર વિભાગના સચિવ લોચન શહેરાએ વધુ વિગતો આપતાં  જણાવ્યુ હતું કે નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન: યુવાનોની રોજગારક્ષમતા વધારવા માટે ૨૨૬ કરોડની જોગવાઈઓ યુવાનોને રોજગારીની તકોમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

ગ્રામીણ વિકાસ વિભાગના મુખ્ય સચિવ ધનંજય દ્વિવેદીએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામિણ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ , VB-GRAM-G યોજના માટે એક હજાર ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનું ગ્રામીણ વિકાસ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યુ હતું.

(બાઇટ- ધનંજય દ્વિવેદી , અગ્ર સચિવ, ગ્રામીણ વિકાસ)

# VIDHANSABHA - KUPOSHAN

મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષાબેન વકીલએ  જણાવ્યું કે રાજ્યમાં કુપોષણના દરમાં એકજ વર્ષમાં 9.1 ટકાનો ઘટાડો નોંધાયો છે.

રાજ્યમાં કુપોષણની સ્થિતિ અંગે વિગતો રજૂ કરતા વિધાનસભા ગૃહમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫માં રાજ્યમાં ઓછા વજનવાળા બાળકોની ટકાવારી ૨૦.૫ ટકા હતી, જે જાન્યુઆરી ૨૦૨૬માં ૧૧.૪ ટકા થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કુપોષણ એ માત્ર આરોગ્યનો જ નહીં, પરંતુ સામાજિક ચિંતાનો વિષય છે.

# The Bavaliyari of Dholera

ધોલેરાના બાવળીયારી ખાતે અમદાવાદ સ્થિત સ્ટાર્ટઅપ 'ઓમસ્પેસ રોકેટ એન્ડ એક્સપ્લોરેશન પ્રાઇવેટ લિમિટેડ' દ્વારા રાજ્યના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કરવામાં આવ્યું.. આ સાથે જ ગુજરાત આ પ્રસંગે અવકાશ સંશોધન ક્ષેત્રે ખાનગી સ્પેસ સેક્ટરમાં ઇતિહાસ રચ્યો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા ઉપસ્થિતિ રહ્યાં હતા. સ્વદેશી સ્પેસ ટેકનોલોજીને પ્રોત્સાહન આપીને યુવા વૈજ્ઞાનિકો માટે નવી તકોનું સર્જન કરવાનો આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ રોકેટે અંદાજે ૩ કિલોમીટરની ઊંચાઈ પ્રાપ્ત કરીને પ્રોપલ્શન, એવિઓનિક્સ અને ઓટોનોમસ રિકવરી સિસ્ટમ જેવી જટિલ ટેકનોલોજીનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ રોકેટ સાથે હવામાનના ડેટા કલેક્ટ કરી શકે તેવો એક મીની સેટેલાઈટ પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યો હતો.

# MRO STATE OF THE YEAR AWARD-GUJRAT

નવી દિલ્હીમાં યોજાયેલ MRO Xpo ઈન્ડિયા 2026 માં ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત "MRO સ્ટેટ ઓફ ધ યર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યું છે. વિમાનની જાળવણી, સમારકામ અને મરામત -MRO વ્યવસ્થાને મજબૂત બનાવવા અને શ્રેષ્ઠ ઉડ્ડયન માળખું ઊભું કરવા બદલ રાજ્યના સક્રિય પ્રયાસોને આ એવોર્ડ દ્વારા વૈશ્વિક ઓળખ મળી છે.

સુવિકસિત એરપોર્ટ નેટવર્ક અને કુશળ માનવશક્તિની ઉપલબ્ધતાને કારણે ગુજરાત, એરોસ્પેસ અને વિમાન જાળવણી ક્ષેત્રે રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે.

# DAANG – EX PRESIDENT VISIT

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ હાલ બે દિવસ ડાંગ જિલ્લાના પ્રવાસે છે.  ડાંગ જિલ્લા  કલેકટર શાલિની દુહાને આહવા સ્થિત અતિથિ ભવન ખાતે શ્રી રામનાથ કોવિંદ તથા તેમના પરિવારજનોનું સ્વાગત કર્યું હતું..

ઉલ્લેખનીય છે કે શ્રી રામનાથ કોવિંદ જિલ્લાના બોરથડા, બેહડાનામાળ, ડોન, મુરમબારી, કોદમાળ, કલમવિહિર, ટોકરદહાડ, અને ઇસદર ખાતે નવ નિર્મિત શ્રી મારુતિ મંદિરની મુલાકાત લેશે અને આવતીકાલે ઇસદર ગામે આ તમામ મંદિરોના લોકાર્પણ સમારોહમાં હાજરી આપશે.

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસમાં 2 થી 5 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તેમજ 18 થી 20 માર્ચ સુધી કમોસમી વરસાદ સાથે પ્રીમોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની સંભાવના છે. જેમાં 18 માર્ચે કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠામાં વરસાદની આગાહી હોવાનું રામાશ્રય યાદવે જણાવ્યું છે.

(બાઇટ – રામાશ્રય યાદવ – હવામાન વિભાગના વડા )